સ્થાપના : ૧૯૫૨ રજી. નં. એ ૨૩૮૦ (BOM)

**શ્રી ઇડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ સેવા મંડળ**

એ/૧૦૧, પારસ એપાર્ટમેન્ટ, રોકડીયા લેન, બોરીવલી (વે), મુંબઇ ૪૦૦ ૦૯૨. ટે.ન. ૨૮૯૨૯૫૯૫

Email : idar45gnati.gmail.com ♦ Facebook : siapgsm

# ગુણાનુવાદ : સ્વ. દામોદરભાઇ માણકેશ્વર ત્રિવેદી



જન્મ તારીખ : તા. ૦૪/૧૨/૧૯૨૪

શ્રીજીચરણ : તા.૨૧/૦૫/૨૦૨૦

ગામ : બડોલી નિવાસસ્થાન : મુંબઇ

અભ્યાસ : ધો. ૧૦ સુધી.

વ્યવસાય : ઝેનીથ સર્જીકલ કંપની તા. ૧૦, જાન્યુઆરી, ૧૯૫૦માં શરૂ કરી.

શ્રી ઇડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ સેવા મંડળના સ્થાપનાકાળથી જોડાયેલા હતા. ૧૯૭૫માં ટ્રસ્ટી તરીકે નિમાયા હતા. ત્યારબાદ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી. બડોલી ગામની વિવિધ સંસ્થાઓમાં પણ ઉચ્ચ હોદ્દા સંભાળ્યા.

## ગામો અને જ્ઞાતિજનોની વિશિષ્ટ અભિવ્યક્તિઓ :

૧. પરમ પૂજ્ય શ્રી દામજીકાકા કે જેઓ અમારી બડોલી ની બધી સામૂહિક પ્રવૃત્તિના અગ્રગણ્ય અને અમારા માર્ગદર્શક એવા પૂજ્ય કાકા અમારી યાદોમાંથી કદી પણ ભૂલાય નહીં. એમનું પ્રેમાળ હાસ્ય અને ઉદાર દિલ અમારા ગામના જરૂરતમંદના હૃદયમાં હંમેશ રહેશે. ભગવાન એમના આત્મા ને પરમ શાંતિ આપે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના **- સમિતિ, શ્રી બડોલી બ્રાહ્મણ પંચ**

૨. શ્રી દામોદર માણકેશ્વર ત્રિવેદીના દેહ અવસાનથી અમો સમગ્ર ઉમેદગઢ બ્રાહ્મણ પંચ દુ:ખ અને શોકની લાગણી અનુભવીએ છીએ. દિવ્ય આત્માના દુ:ખદ અવસાનને શ્રધ્ધાંજલિ આપવા અમારી પાસે કોઇ શબ્દ નથી. લાગણી વ્યકત કરવા શબ્દકોશ પણ નાનો પડે છે. એમનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ દાનવીર વિચારો, માયાળું હસમુખો સ્વભાવ અને લાગણીશીલતા જીવનભર ભુલાશે નહિ. પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના. પરિવારના દુ:ખમાં અમે સહભાગી થઇએ છીએ.

**- ઉમેદગઢ બ્રાહ્મણ પંચ**

૩.	મુ. દામજીકાકા એ આપણા સૌની વચ્ચેથી તા. ૨૧.૫.૨૦૨૦ના દિને વસમી વિદાય લીધી છે. આ દુઃખદ સમાચાર મળતાં જ શૂન્યમનસ્ક બની ગયા. ૯૬ વર્ષનું (જન્મ તા.૦૪.૧૨.૧૯૨૪) તેમનું આયુષ્ય સાદગી ભર્યું, મિલનસાર અને નિર્મળ વ્યક્તિત્વ- પૂર્ણ રહ્યું. બીઝનેસમાં તેમની કુનેહે ઝેનીથ સર્જીકલ કંપનીને આગવું નામ અને સફળતા અપાવી. બડોલીના ભામાશા ગણાતા દામજીકાકાએ મંડળ અને બડોલી ગામની વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ વર્ષો સુધી શોભાવ્યા છે. આ સંસ્થાઓ તેમજ આજુબાજુના ગામોમાં પણ સેવા પ્રવૃત્તિ-મંદિરો વગેરેમાં બહોળા હાથે દાનની ગંગા વહાવી છે. પોતે જ જરૂર હોય ત્યાં દાન લાવી પણ આપતા તે એક તેમની વિશેષ ખાસિયત રહી છે. ટૂંકમાં તુલસીદાસની પંક્તિઓ ચરિતાર્થ કરી છે.

પાની બઢે નાવમેં, ઘરમેં બઢે દામ,
દોનોં હાથ ઉલેચીએ, યહીં સજ્જનકા કામ

કાકા સુંદરતા અને સૌરભનો સમન્વયવાળા પુષ્પ હતા. ઉત્તમ માર્ગદર્શક અને પથ દર્શક રહ્યાં છે. તેમની જીવનયાત્રામાં સ્વ. ગંગાકાકીનો સાથ-સહકાર પ્રેરણારૂપ રહ્યાં છે તેમને આ પળે કેમ ભૂલાય. ૧૦ માસના ટૂંકા ગાળામાં તેમને સાથ આપવા તેઓ પણ નીકળી પડયા... ઉત્તમા આત્મનઃ ખ્યાતા- જે પોતાની ખ્યાતિથી ઓળખાય તે ઉત્તમ એવા કાકાની ખોટ પરિવાર, મંડળ અને અનેક સંસ્થાઓ તેમજ જરૂરતમંદોને પડી છે તેમ કહેવામાં કોઇ અતિશયોકતિ નથી. તેમના વિશે લખવા શબ્દો ખૂટી પડે તેમ છે. તેમનો સદાય હસમુખો ચહેરો ક્યારેય વિસરાશે નહિ. પરમ કુપાળુ ઈશ્વર તેમના આત્માને શાંતી અર્પે. પરિવારના દુઃખમાં અમે સહભાગી થઇએ છીએ.

**- શ્રી કુકડીઆ બ્રાહ્મણ પંચ**

૪.	આપણા માર્ગદર્શક વિદ્વાન વડીલ, જ્ઞાતિજનોના કલ્યાણ માટે સતત કાર્યશીલ, બંધારણીય અને માનવીય મૂલ્યોના સંરક્ષક, મૃદુ અને સૌમ્ય સ્વભાવના શ્રી દામજીભાઇ ત્રિવેદીની ચિર વિદાયથી આપણા સમાજને કદી ન પુરાય તેવી કાયમી ખોટ પડેલ છે.

તેમની ઝેનીથ સર્જીકલ કંપની મારફત જ્ઞાતિના ઘણા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ આપીને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે. બ્રહ્મપુરી તેમનું મોસાળ હોય તેમનો બ્રહ્મપુરી પ્રત્યે અનેરો પ્રેમ હતો તેમજ ગામની પ્રવૃત્તિઓમાં તેમનું યોગદાન રહ્યું છે. આપણા જ્ઞાતિ મંડળ અને સમાજના દરેક કાર્ય માટે તેમણે આપેલ સહયોગ અવિસ્મરણીય રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા તેમને તેમના ચરણોમાં સ્થાન અર્પે અને તેમના પરિવારને આ વિકટ સમયે ધૈર્ય બક્ષે એ જ પ્રાર્થના. **- લિ. સમસ્ત બ્રાહ્મણ પરિવારો, બ્રહ્મપુરી**

૫.	શ્રી ખેડ બ્રાહ્મણ પંચ તથા ખેડ ગામના ગ્રામજનો અમો સર્વે સ્વ. દામોદરભાઇ ત્રિવેદી ને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ આર્પણ કરીએ છીએ. તેઓ અમારા ગામના સ્વ. શ્રી હરગોવિંદદાસ કેશવરામ દવેના જમાઇ હતા. તેઓ અમારા ગામના વિકાસમાં સદાય સાથ ને સહકાર આપતા હતા.

**લિ. ખેડ બ્રાહ્મણ પંચ તથા, શ્રી શિવાભાઇ કાનાભાઇ પટેલ, શ્રી નારાયણ કે. પટેલ (સરપંચ), શ્રીમતી ઈન્દિરાબેન એમ. પટેલ (માજી સરપંચ) તથા સમસ્ત ગ્રામજનો.**

૬.	પરમ પૂજ્ય દામજીકાકા કે જેઓ અમારી જ્ઞાતિની બધી સામૂહિક પ્રવૃતિના અગ્રગણ્ય અને ભામાશા હતા. અમારી યાદોમાંથી કદી પણ વિસરાશે નહીં. એમનું પ્રેમાળ હાસ્ય અને ઉદાર દિલ બડોલી ગામના ગરીબોના હૃદયમાં દેવસમું જોડાઇ ગયું છે. અમે સદ્‌ભાગી છીએ કે પૂજ્ય દામજીકાકા અમારા કુટુંબના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ હતા. પરમ કુપાળુ પરમાત્મા એમના પવિત્ર આત્માને શાંતિ આપે એ જ પ્રભુને અભ્યર્થના

**- અનિલ બાલાશંકર ત્રિવેદી (કાંદિવલી-બડોલી)**

૭.  શ્રી દામોદરદાસ માણકેશ્વર ત્રિવેદી, આપણા વડીલ શ્રી દામજીભાઇના અવસાનથી સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓ બહુ જ ઉદાર સ્વભાવના હતા. ખુબ જ સાદાઇથી જીવન જીવીને એક દષ્ટાંત આપી ગયા છે. તેઓ ખૂબ જ શાંત સ્વભાવના હતા અને કોઇને પણ ઉંચા અવાજે બોલતા ન હતાં.

મારા જીવનમાં મેં જે કાંઇ પણ મેળવ્યું છે તેનો શ્રેય દામજીભાઇ અને બાબુભાઇને જાય છે. મારા બાપુજી સાથે તેઓને ખૂબ જ સારા સંબંધ, અને મારા અભ્યાસ પછી તેઓ મને મુંબઇ લઇ ગયા અને તેમની ઓફીસમાં રાખી મને ધંધો શીખવાડયો, અને તેમના ઘરના સભ્યની જેમ મને રાખ્યો. ત્યારબાદ મને અમદાવાદમાં કંપની ચાલુ કરાવીને જ્યાં સુધી પગભર ના થયો મારી પડખે ઉભા રહ્યા. મારા માટે તેઓ એક મહાન માણસ હતા.

તેઓએ બડોલી ગામ અને સ્કુલમાં ઉચ્ચ સ્થાને રહીને સેવા અને સહકાર આપી બંનેના વિકાસમાં આગવો ફાળો આપ્યો છે. હું જ્યારે મેનેજીંગ ટ્રસ્ટી અને તેઓ પ્રમુખ હતા ત્યારે શાળાના વિકાસમાં હંમેશા તત્પર રહી સહયોગ આપ્યો છે. તેમના અવસાનથી નિસ્વાર્થ એક યુગ પૂર્ણ થયો છે. ભગવાન આવા ઉચ્ચ આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના. **- હસમુખ રામશંકર જાની (અમદાવાદ-બડોલી)**

૮.  મુ. દામજીકાકાની વિદાયથી પરિવાર, મંડળ અને વિશેષ બડોલી ગામની સંસ્થાઓએ મોભ ગુમાવ્યો છે. બડોલીની શાળાઓ, મંદિરો સાથે તે સંકળાયેલા હતા. ગામમાં અન્નદાન, વિદ્યાદાન, આર્થિક સહાય, પાણીની પરબ, કન્યાદાન વગેરે સેવા પ્રવૃતિઓ તેમના થકી થતી હતી. ટૂંકમાં જરૂરતમંદોને નાતજાતના ભેદભાવ વગર તેમની હૂંફ મળતી હતી તેઓ આધાર વિનાના થઇ ગયા છે. પોતાના માદરે વતનને આટલો પ્રેમ કરવાવાળા આજે જૂજ મળશે. તેમની વિનમ્રતા, મીતભાષીપણું અને સામેની વ્યક્તિનું દુ:ખ હળવું કરવાની જે ખાસિયત હતી તે તેમના વ્યક્તિત્વને વધુ ઉજળું બનાવતું હતું. ગળાડૂબ વ્યવસાયમાંથી સમય કાઢી સમાજ-વતનની કાળજી રાખવી તે નાનીસૂની વાત નથી. પ્રભુ પરિવાર અને આપણને સૌને આવી પડેલ આ દુ:ખની પળ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. **- મહેન્દ્ર ગીરજાશંકર ભટ્ટ (કાંદિવલી- બડોલી)**

૯.  પારકી છઠ્ઠીના જાગતલ એવા મુરબ્બી શ્રી દામજીભાઇ આપણી વચ્ચેથી મહાપ્રાણના પંથે ચાલ્યા ગયા છે. ત્યારે કહેવું પડે કે...

મૃત્યુ તો તમને લેવા આવ્યું માન્યું લઇ ગયું, તેણે ઉઘાડી મુટ્ઠી જોઇ ત્યારે ભોઠું પડી ગયું. આવ્યું તો એ જિંદગી લેવા આપી ગયું અમૃતત્વ. જેનો આત્મા લોકોના હ્દયમાં વસ્યો છે એને મૃત્યુની શી મિસાલ કે એમને લઇ જાય. આપણી જ્ઞાતિના ઇતિહાસમાં તમારું નામ સદા સુવર્ણ અક્ષરે ઝળહળતું રહેશે.

**- હસમુખ મહાશંકર ઠાકર (બોરીવલી- ઉમેદગઢ)**

૧૦.  ૧. શ્રી દામજીમામાએ જ્ઞાતિ સેવા મંડળના પ્રથમ ૬૦ વર્ષમાં ૫૫ વર્ષની સેવાનું સાતત્ય જાળવી 'વિશિષ્ટ સેવા રત્ન' પુરસ્કૃત થઇ આપણા સૌ માટે 'મહાત્મા ગાંધી' બન્યા.

૨. ન ભૂતો ન ભવિષ્યતિ.

૩. જ્ઞાતિના કેટલાય પરિવારો તેમની વ્યાપારી સંસ્થામાં રોજી-રોટી મેળવીને આગળ વધ્યાં. બડોલી ગામનાં ભાગોળે ઠંડા-પાણીનું કૂલર તેમની યાદ હંમેશા અપાવશે. તેમને, ઇશ્વરે બક્ષેલ છ ઐશ્વર્યમાંથી એક પણ વિષે તેઓએ અભિમાન ન ધરાવી શાસ્ત્રોક્ત જીવન જીવ્યાં.

૪. તેઓ મૃદુભાષી, મિત હાસ્ય અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવનાર 'વ્યક્તિ વિશેષ' હતા. જેમની જગ્યા કોઇ જ લઇ શકે તેમ નથી. સેવા મંડળને, તેમને ગુમાવ્યાની ખોટ હંમેશા રહેશે.

૫. જ્ઞાતિ સેવા મંડળની પ્રથમ હરોળની વ્યક્તિનો સૂર્યાસ્ત થવાથી ઇતિહાસનું પાનું ફર્યું છે.

**- રાજેશ ભાનુપ્રસાદ આચાર્ય (ગત વર્ષોના પ્રમુખ પદેથી) (બોરીવલી-જેઝવા)**

૧૧. પૂજ્ય દામોદરદાદાએ એમના નેતૃત્વ અને દાનથી જ્ઞાતિજનોની સેવા કરી તેવી મતિ ભગવાન સૌને આપે. દિવંગતના આત્માને શાંતિ મળે તે જ પ્રાર્થના

**- રીતુ સમીર જાની (માટુંગા - જેઝવા)**

૧૨. સ્વ. પૂજ્ય દામોદરકાકાની વિદાયથી જ્ઞાતિમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિની ખોટ પડી છે. તેમનું જીવન અતિ સરળ હતું. તેમનો ધ્યેય લોકોને કેમ ઉપયોગી થવું તે જ હતો, તેમને કરેલી સખાવતની ગણના થાય તેમ નથી. જ્ઞાતિ, હોસ્પીટલો, શિક્ષણ સંસ્થાઓને ખૂબજ આર્થિક સહાય કરતાં. ગામમાં હોય ત્યારે ગરીબની સહાય, વૃધ્ધાઓને ખ્યાલ ન આવે તેમ ગુપ્ત દાન કરતા, તેમના દ્વારે કોઈપણ સહાય માટે જાય તો ખાલી હાથે ન આવે. ધાર્મિક સંસ્થાઓમાં તેઓ સહાયક હતા, જ્ઞાતિમાં એમનો તન, મન અને ધનથી મોટો ફાળો હતો. તેઓ અજાતશત્રુ હતા. તેમના જીવનનો એક જ મંત્ર હતો દાન આપવું. સૌને પ્રેમ કરવો. તેમને માટે જેટલું લખાય તેટલું ઓછું પડે.

તેમની વિદાયથી જ્ઞાતિને મોટી ખોટ પડી છે. પરમકૃપાળુ પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે, એજ પ્રાર્થના

**- અરવિંદ કાશીરામ ઠાકર (મીરા રોડ - બ્રહ્મપુરી)**

૧૩. વ્યક્તિના સ્વર્ગવાસથી અંગત પરિવારજનો માટે આઘાતજનક ઘટના હોવાથી દુઃખ થવું એ સ્વાભાવિક બાબત છે, પણ જેના સ્વર્ગવાસથી વ્યક્તિ, કુટુંબ અને પૂરા સમાજ ને આઘાત સહિત દુઃખ થાય એવી વિરલ વ્યક્તિઓમાં પરમ આદરણીય સ્વ. દામોદરદાસભાઈનો સમાવેશ થાય છે. મેડિકલ સારવાર માટે તેમની નિઃસ્વાર્થ સેવા, શૈક્ષણિક કાર્યો અને મદદ તથા અનેક સંસ્થાઓમાં આપેલું યોગદાન યાદ કરીએ ત્યારે એમજ કહેવું પડે કે પરમ આદરણીય સ્વ. શ્રી દામોદરદાસ કાકા સમાજના ભામાશા હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

હરિ ઓમ તત સ્ત્

**- પ્રમોદ રેવાશંકર ઠાકર (મીરા રોડ- બ્રહ્મપુરી)**

૧૪. સ્વ. દામોદરભાઇ ત્રિવેદી જેમને આપણે ભામાશા પણ કહીએ છીએ તેમના વિશે જેટલું લખીએ તે ઓછું પડે. આવી વ્યક્તિ બહુ જ ઓછી જન્મે છે. જેમનો જીવનમાં દાન આપવું એ જ ધ્યેય હોય છે. જમણા હાથે આપે અને ડાબા હાથને ખબર પણ ના પડે. જ્ઞાતિમાં પ્રસંગોપાત તેમનો ફાળો અચૂક હોય જ અને જ્ઞાતિજનોને વ્યક્તિગત મદદ પણ કરતા. બ્રહ્મપુરી ગામ તેમનું મોસાળ હોવાથી ગામ જોડે એવું એટેચમેન્ટ હતું કે પોતે બ્રહ્મપુરીના જ હોય. તેનો એક દાખલો, બ્રહ્મપુરી ગામમાં ધર્મશાળાનું કામ ચાલતું હતું ત્યારે તેમણે સામેથી બોલાવી ને રૂા.૫૧ હજાર નો માતબર ફાળો આપેલ. આવા દાનવીરો બહુ જ ઓછા જન્મતા હોય છે. જ્ઞાતિ અને જ્ઞાતિજનોને સ્વ. દામોદરભાઈની ખૂબ મોટી ખોટ પડી છે. જે જન્મે છે તેને જવાનું નક્કી હોય છે પણ યાદો કાયમ રહેતી હોય છે. પ્રભુ પાસે આપણે એટલી પ્રાર્થના કરીએ કે સદ્‌ગતના આત્માને પરમશાંતિ આપે.

**- કિશોર જેઠાલાલ ઠાકર (બોરીવલી-બ્રહ્મપુરી)**

૧૫. શ્રી દામોદર માણકેશ્વર ત્રિવેદી (દામજીકાકા) ની ચિરવિદાય આપણા સમાજ માટે એક ખુબ જ દુઃખદ પ્રસંગ છે. દામજીકાકાએ દાયકાઓ સુધી જ્ઞાતિ મંડળ તથા સામાજીક કાર્યોમાં સક્રિય માર્ગદર્શન આપ્યું અને ભામાશાની જેમ દાન પણ આપ્યું. ફક્ત મંડળ અને બડોલી નહિ પણ આજુબાજુના ગામોમાં અને મંદિરોમાં પણ તેમનું યોગદાન રહ્યું છે તે પ્રશંસનીય છે. જ્યારે સમારંભોના સ્થળ માટે નાપસંદગી વ્યક્ત કરતા જ્ઞાતિજનો એ બોધ લેવા જેવો છે કે દામજીકાકા નાદુરસ્ત ન થયા ત્યાં સુધી બોરીવલી સમારંભોમાં હાજરી આપતા. તેમની અનઉપસ્થિતિથીએ કાયમી શૂન્યાવકાશ સર્જ્યો છે. સદાય હસમુખ, મૃદુ અને મિતભાષી પણ વિરાટ વ્યક્તિત્વની ખોટ આપણને સહુને સદાય પ્રતીત થતી રહેશે.

**- મયુર કાંતિલાલ યાજ્ઞિક (બોરીવલી-બ્રહ્મપુરી)**

૧૬.   મુરબ્બી શ્રી દામજીકાકા તા.૨૧.૦૫.૨૦૨૦ ના રોજ જીવનયાત્રા સમાપ્ત કરી પ્રભુના ધામમાં ગયા એ દુ:ખદ સામચારથી તેમના પરિવારજનો, સમાજ તેમજ અનેક ધાર્મિક/સામાજિક સેવાભાવી સંસ્થાઓને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમનું જીવન સાદગી ભર્યું, મિતભાષી, નિર્મળ, સસ્મિત ચહેરો, નિરાભિમાની અને સદૈવ લોકોપયોગી સેવાના કાર્યો કરવામાં તત્પર રહેતું વ્યક્તિત્વ. પોતાના ગામ બડોલી તથા જ્ઞાતિ 'મંડળ' માં વિવિધ માનદ્ પદે રહી તન, મન અને ધનથી આજીવન અવિરત સેવા આપી માર્ગદર્શક બની રહ્યા. પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**- નરેશ જયંતિલાલ ઠાકર (બોરીવલી - મુડેટી)**

૧૭.   મુ. દામજીકાકા શ્રીજી ચરણ પામવાથી પરિવાર તેમજ સંસ્થાઓએ વડીલ રાહબર ગુમાવ્યા છે. મંડળમાં ટ્રસ્ટી તરીકે તેમણે સક્રિય ભૂમિકા નિભાવી હતી. વિકટ પરિસ્થિતિમાં નાદુરસ્ત તબિયત હોવા છતાં મિટિંગમાં હાજરી આપી માર્ગદર્શન કર્યું હતું.  ટૂંકમાં મંડળ અને જ્ઞાતિજનો પ્રત્યે એમની લાગણી અને જે પ્રેમ હતો તે ચિર સ્મરણીય રહેશે. ધર્મ પ્રત્યે અતૂટ શ્રધ્ધા હતી. વર્ષો સુધી દિવાળી પંચાગનું માતૃસ્મૃતિમાં પ્રકાશન કર્યું અને 'માતૃચરણે'ના પ્રકાશન દ્વારા જ્ઞાતિજનોની પ્રભુ ભક્તિ વધારવામાં નિમિત્ત બન્યા.

તેઓ સંસ્કારી , પરોપકારી, શિક્ષણપ્રેમી, સદાચારી પ્રેરણામૂર્તિ હતા. ૯૬ વર્ષનું દીર્ઘાયુ સાતત્યથી જીવવું એ વિરલ ઘટના જ હશે. મારા પ્રમુખકાળ દરમ્યાન તેઓએ સમારંભોમાં હાજરી આપી સફળતા બક્ષી હતી તેને મારું સૌભાગ્ય ઘણું છું. તેમની વિદાયથી પરિવાર અને મંડળને મોટી ખોટ પડી છે.

હું હૃદયભીની શ્રધ્ધાંજલિ આર્પું છું.

**- હિમાંશુ હસમુખલાલ જાની (દહીસર-મુડેટી)**

૧૮.   આદરણીય દામોદરભાઇનો પરિચય આપવો અને એમના જીવનને વર્ણવવું મુશ્કેલ છે, તેમજ કઠિન કાર્ય છે. તેમ છતાં ઉમદા, ઉત્તમ વ્યક્તિની ઓળખ હમેશા પ્રેરણાદાયક બને છે.

તેમનાથી સાબરકાંઠા જીલ્લામાં ઇડર તાલુકામાં બડોલી ગામ તેમજ ઇડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિમાં ભાગ્યેજ કોઇ અજાણ હશે.   તેમની આપેલી સેવા, સમજણ અને પ્રગતિ દરેક માટે પ્રેરણાદાયી બને છે.  પૂ. દામોદરભાઇની ધર્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠા, સંસ્કાર તેમના ભાવિ પેઢીમાં પણ દ્દષ્ટિગોચર થઇ છે. એવા શ્રી દામોદરભાઇને અમારી અશ્રુઅંજલિ અર્પણ કરૂ છું.

**- ભરત મહાશંકર શુકલ (ઘાટકોપર-મુડેટી)**

૧૯.   તા. ૨૧.૦૫.૨૦૨૦ને ગુરુવારના દિને શ્રી દામોદર માણકેશ્વર ત્રિવેદી આપણી વચ્ચેથી વિદાય થયા તે અમાન્ય બનાવ છે, પરંતુ સહન કરવા મજબૂર છીએ. 'મંડળ' અને બડોલી ગામની સેવા સંસ્થાઓ અને અનેક ધાર્મિક સ્થાનો તેમના ન હોવાથી જાણે સૂના પડી ગયા છે. એટલું જ નહિ ખૂબ મોટી ખોટ અનુભવી રહ્યા છે.

આ બધું તેમના પ્રેમાળ પુણ્યવંત સ્વભાવને કારણે. સેવામાં સન્નિષ્ઠતા, સંવાદિતા, મધુરતા, સ્પષ્ટતા શ્રેષ્ઠ વ્યક્તિત્વની ગરિમા અને સાતત્યએ તેમના માટે ખૂબ ઉંચું સ્થાન જ્ઞાતિજનો અને બડોલી ગામમાં ધરી દીધું છે.

મારી જ્ઞાતિમંડળની લાંબી પ્રવૃત્તિની સેવા મઝલમાં તેઓ મારા હિતેચ્છુ, રાહબર, પિતાતુલ્ય વડીલ બની રહ્યા છે. પ્રસંગોપાત તેમણે ધરેલી શીખ મારા જીવનની અમૂલ્ય મૂડી છે. જીવનમાં કદી પણ ન વિસરાય એવું પ્રેમાળ મધુર વ્યક્તિ હવે ક્યાં મળશે ? તેમના વિશે લખવા બેસીએ તો ગ્રંથ લખાય. તેઓ ફાની દુનિયામાં નથી તે વિચારવું પણ મારી માટે અશક્ય છે. તેમની નિશ્રામાં આદરેલ સેવા યજ્ઞ તે મારું પરમ સૌભાગ્ય હતું. શાંતિ આપનાર તો શાંતિ પામેજ. તેની શાંતિ પ્રાર્થના શેં કરાય !

**- ભરત  અમૃતલાલ ત્રિવેદી (બોરીવલી - કુકડીયા)**

૨૦.   મુ. દામજીકાકાની વિદાયના સમાચારથી સૌએ દુઃખ અનુભવ્યું. તેમની પાસે વ્યક્તિ-પરિવાર-સંસ્થાના હોદ્દેદારો પોતાની તકલીફ કે ફરિયાદ લઇ આવતા તો તેમને ફરી ફરી યાદ કરતા નીકળતા અને તે સર્વે માટે કાકા સાચા અર્થમાં સ્વજન બનતા રહ્યા હતા, હું તેનો સાક્ષી પણ છું. તેઓએ હંમેશા નામની ચિંતા છોડીને પોતાના કર્મ પ્રત્યે ધ્યાન આપ્યું છે.

ઝેનીથ સર્જીકલમાં પણ ભાગીદારો, કર્મચારીઓ, વેપારીઓ સાથે એકસૂત્રતા જાળવી પ્રેમપૂર્વકના અભિગમથી ઉલ્લેખનીય વિકાસ સાધ્યો છે. કાકાએ યોગ્ય સલાહ, સંચાલનની કુનેહ અને અનુદાનોનું સીંચન કર્યું જેના થકી ‘મંડળ’ અને બડોલીની સંસ્થાઓ આજ સુધી ધબકતી રહી છે, તેમ કહેવામાં કોઇ અતિશયોક્તિ નથી.

તેમના ન્યાયપ્રિયતા, ધર્મપરાયણ, ઉત્તમ મધ્યસ્થી, મિલનસાર જેવા અનેક ગુણો અનુસરવા જેવા છે. તેઓ એ ઉડવાનું બળ આપી, કેટલાંયને ઉડવાનું શીખવાડયું છે. તેઓ સદાય હસતા રહ્યા અને સૌના હૃદયમાં વસતા રહ્યા. પરિવાર અને સંસ્થાઓ તેમની ગેરહાજરી અવશ્ય અનુભવશે. હું અશ્રુભીની શ્રધ્ધાંજલિ અર્પું છું.

**- અશોક નારાયણદાસ ત્રિવેદી (માટુંગા - કુકડીયા)**

૨૧.   મુ. દામજીકાકાના સ્વર્ગવાસ પામ્યાના સમાચાર જાણી ખૂબજ દુઃખ અનુભવ્યું. મંડળ સમિતિમાં જોડાયા બાદ તેમના વધુ પરિચયમાં આવ્યો. કાકાનું નામ લેતાજ વર્ષોથી સપ્રમાણ શરીર અને ચહેરાની શોભા વધારતું મંદ હાસ્ય નજર સમક્ષ તાદશ થાય છે. મંડળના કેલેન્ડર-નોટબુકમાં તેમની જાહેરાત અચૂક હોય. એક દિવસ બોરીવલી મીટીંગમાં જતા તેમની સાથે પ્રવાસ માણ્યો ત્યારે મેં પૂછયું, ‘કાકા તમે કેમ વક્તવ્ય નથી આપતા’ તેમણે કહ્યું મને વક્તવ્ય બહુ ફાવતું નથી અને હવે બધાને બહુ સાંભળવું પણ નથી ગમતું. મને તો કામ બરાબર થાય છે અને મંડળની પ્રગતિ થાય બધાને સહાયરૂપ બનાય તેમાં જ રુચિ છે,’ કેટલી નિખાલસતા. કોઇપણ પ્રકારની સ્પૃહા વગર તેમણે સંસ્થાઓના સંચાલનોમાં ફક્ત અનુભવોનું સીંચન નહિ પણ સાથે અનુદાનો આપી સંસ્થાઓનો વિકાસ સાધવામાં સાક્ષી બન્યા. દિવંગત આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું.

**- રાજેશ કાંતિલાલ ત્રિવેદી (બાબુલનાથ-કુકડીયા)**

૨૨.   મુ. દામજીકાકાએ ૯૬ વર્ષે તેમની જીવનલીલા સંકેલી તે સાંભળી સૌ દિગ્મૂઢ થઇ ગયા. તેઓ સેવાના ભેખધારી રત્ન હતા. બડોલીની સંસ્થાઓ અને મંડળમાં પોતાના વાણી, વિચાર અને વર્તનથી હોદ્દાઓ શોભાવ્યા. તેઓએ અનુદાનોથી પોતાની લક્ષ્મીનું મહાલક્ષ્મીમાં રૂપાંતર કર્યું છે. સેવા અને લક્ષ્મીનો સુભગ સમન્વય તેમનામાં હતો જે જ્વલ્લેજ જોવા મળે છે. સંસ્થાઓ અને વ્યવસાયની પ્રગતિમાં તેમની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની દીર્ઘદ્રષ્ટિ, વ્યવહારુ અભિગમ, સ્પષ્ટ વિચારો-મંતવ્ય અને આવતી પેઢી સાથે પરિવર્તન વગેરે ગુણોએ મુખ્ય ભાગ ભજવ્યો.

ફકત તેમની હાજરીથી જ સમારંભોનું ગૌરવ વધી જતું તેવી તેમની પ્રતિભા હતી. મુ. કાકા સ્વમાની, શિસ્તપ્રિય, સંયમી અને સેવાપ્રિય હતા. મુ. કાકી સાથે નિજાનંદી નિવૃત જીવન માણ્યું. ‘‘કામ કરશે તેની ભૂલ થશે’’ તેમનો એ જીવનમંત્ર મને ખૂબ જ ગમ્યો હતો અને જેના થકી હું આગળ વધતો રહ્યો છું. ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક, તબીબી, સામાજીક અને સાહિત્યિક જેવા ક્ષેત્રોમાં તેમનું બહુમુલ્ય યોગદાન રહ્યું છે. સેવા માટે તેમણે કોઇ ખૂણો બાકી નથી રાખ્યો. તેઓ તો સૌને જીવન જીવતાં શીખવાડી ગયા અને કહેતા ગયા છે ‘‘થઇ શકો તો સમાજનો કંઇક આધાર થજો.’’ લગભગ ૨૫ થી વધુ વર્ષોથી હું તેમના પરિચયમાં છેક સુધી રહ્યો. સમયાંતરે મંડળની ગતિવિધિઓ બાબત દર ૨-૩ મહિને તેમની સાથે ફોન પર વિચાર-વિમર્શ કરતો તે છેક લોકડાઉન સુધી જારી રહ્યો. અંતમાં યમરાજાને કહીએ, ‘‘એ મોત ! જોઇ લે તારી નિષ્ફળતા, કંઇ કેટલાંય હૈયે ‘કાકા’ સ્મરણરૂપે સચવાયેલા છે.’’

**- કંદર્પ બાલકૃષ્ણ ત્રિવેદી (કાંદિવલી-કુકડીયા)**

૨૩. We are very sorry to hear about the demise of Damji Kaka, Please accept our heartfelt condolence to you and your family. It's a huge loss for our institution.

Damji kaka will always be remembered as a very noble and simple person. He lived his life with principles of honesty, integrity and simplicity. He has always been helpful to everyone not only people working in our institution but also from other institutions. We come across very few people in our life and society who makes an impression in our heart forever and he is one of them. He was one who would be in the frontline when someone needed any help and would take a back seat when it came to seeking accolades for his noble work. Damji kaka was the peer of our institution.

He will surely be remembered as the pioneer for laying the foundation of our institution and we can never forget the contribution and the sacrifices he made to build up this institution, including the institution office set up for the first time, which yielded amazing returns for the institution in the long run..

His idea of setting surgical equipment business at that time was unparalleled to none and just depicted his vision and foresight. He was not only a noble soul but a person with a pure heart. His good deeds and contribution will always be appreciated and will keep on inspiring our mandal community

Our mandal will always remain obliged to him for all his hard work and perseverance and we pray from the bottom of our hearts that his soul rest in peace

**- Suresh Mohanlal Dave - (Kandivali-Vasai)**

દાનવીર શ્રી દામોદર માણકેશ્વર ત્રિવેદી તા. ૨૧.૦૫.૨૦૨૦ ના દિવસે આ ક્ષણભંગુર દુનિયા છોડીને સ્વર્ગે સિધાવ્યા છે. જે જાણીને ઘણું દુ:ખ થયું. તેમની ૯૬ વર્ષની જીવનયાત્રામાં તેઓ શ્રી ઈડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ સેવા મંડળમાં ચાર દાયકાથી વધુ માર્ગદર્શન અને દાન આપીને મંડળની પ્રવૃત્તિઓને વેગ આપી ધબકતું રાખવામાં પાયાના સ્તંભરૂપ રહ્યા હતા. બડોલી ગામના વિકાસમાં તેમનો સિંહફાળો હતો.

તેઓ કૃતનિશ્ચયી અને સંયમી સ્વભાવના આદરને પાત્ર હતા. તેમની જ્ઞાતિ પ્રથામાં દઢ આસ્થા હોવાથી કૌટુંબિક સ્નેહ સાચવી રાખવા માટે તેઓ ઘણા કુટુંબોમાં મધ્યસ્થી અને સલાહકાર રહ્યા હતા.

તેમનો વહીવટ ઘણો કુશળ હોવાથી તેઓ ધંધામાં સફળ રહ્યા છે. તેઓ ઘણું સુખમય અને સમાજને ઉપયોગી જીવન જીવ્યા તેમાં પત્ની શ્રીમતી ગંગાબહેને ડગલે ને પગલે સહકાર આપ્યો. તેમણે બ્રાહ્મણ પરંપરાઓ અને રિવાજોનો પ્રયત્નપૂર્વક જાળવીને એક આદર્શ બનાવ્યો હતો.

'મંડળ' આ દુ:ખની પળે તેમના પરિવારની સાથે જ છે.

ભગવાન તેમના આત્માને ચિરંતન શાંતિ અને મોક્ષ અર્પે એજ અભ્યર્થના.

શ્રી ઈડર ઔ. પિ. જ્ઞાતિ સેવા મંડળ વતી
ચેતના હર્ષનાથ શુકલ - પ્રમુખ

## પ્રાર્થના

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ, શરણ મળે સાચું તમારું એ હૃદયથી માગીએ
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો
વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે, ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે
લખ ચોર્યાશી બંધનોને લક્ષમાં લઈ કાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો
સુસંપત્તિ સુવિચારને સત્કર્મ નો દઈ વારસો, જન્મો જનમ સતસંગથી કીરતાર પાર ઉતારજો
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગ રગ વ્યાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા પુરે એ વિનંતી,દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો, પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો